શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૮
અંક : ૧૨

## ભણતર

બાળકને શાળાએ પહોચાડવાનું કામ બાળકના માતા–પિતાનું હોય છે. આજના આ યુગમાં બાળકના વાલી ગરીબ હોય કે ધનવાન હોય ભણતરનું મહત્વ બધા લોકો માટે સરખું હોય છે. બાળકો માટે સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાઓ ખોલવામાં આવી જેથી ગરીબ બાળકોને મફત શિક્ષણ મળી રહે સુવિધાઓ બધી મળી રહે માટે સરકારે ખુબ સારા પ્રયાસો કર્યા છે અને બાળક પોતાનું ભવિષ્ય ઉજજવળ બનાવી પોતાના લક્ષ્યાંક સુધી પહોચી શકે. પણ અમુક લોકોને પૈસા મહત્વના છે. બાળકોના શિક્ષણ માટેનું મહત્વ સમજાતું નથી જયારે બાળક મોટુ થાશે ત્યારે તે બાળકને પસ્તાવો થાય છે કે મારા માતા–પિતા એ મને ભણાવ્યો હોત તો આજ હું કયા હોત?

ખાસ કરીને વાત કરૂ તો આજના ગરીબીરેખા હેઠળ જીવતા બાળકોને કામ કરવા જવું પડે છે અને બાળકોના અભ્યાસ પર માઠી અસર પડે છે બાળકને આગળ વધવા નથી દેતા. અમુક લોકોન ભણતર શું છે ? શાળા શું છે ? એજ ખબર નથી. બાળકોને લક્ષ્યાંક સુધી પહોચાડવા અને બાળકોને મજુરીમાંથી મુકિત મળી રહે તે બાબતે સ્વૈરિછક કાર્યકરો એ ચિંતા કરી. શ્રી દેવચંદભાઈ સાવલીયાના માર્ગદર્શન હેઠળ ગોરધન વાઘેલા તથા જલ્પા ડોડીયાએ અંગત રસ લઈને આ વિસ્તારના બાળકોના વાલીઓ સાથે મીટીંગ કરી તેઓને હરિરાજ તાલીમ કેન્દ્રમાં શિક્ષણપર ઓરીએન્ટેશન કરી તેમના વિચારો જાણ્યા, સ્લમના આવા બાળકોની વિગતો એકઠી કરી તેના માતા–પિતાને મળીને ભણતર વિશે જ્ઞાન આપી બાળકનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે સંસ્થાએ વિનામુલ્યે વર્ગ શરૂ કર્યા. જેનાથી બાળકો શાળાએ જતા થયા. આ બાળકોને હવે શાળાએ જવું ગમે છે અને ભણવામાં રસ પડે છે તેઓના માતા–પિતા ફરી તેને ભણવાનું છોડાવી કામે ન લગાડે તેની કાળજી સંસ્થાના સાથીમિત્રો લઈ રહયા છે. ભણતર અને ગણતર જીવનમાં મળેલી એક અમુલ્ય તક છે. તો બાળકો ઝડપથી શાળાએ જતા થાય અને જીવનનો એક ખજાનો મેળવતા શીખી જાય. જેથી બાળકનું જીવન ઉજ્જવળ બની જાય.

– સ્નેહા મારૂ

**જીવનમાં એટલી બધી ભુલો ના કરવી કે પેન્સિલ પહેલા જ રબર ઘસાય જાય**

**કડવા લીમડાના ફાયદા...**

કડવો લીમડો આયુર્વેદિક દવા છે જેના અનેક સ્વાસ્થ્યવર્ધક ફાયદા છે. લીમડો આપણા શરીરની બિમારી, ત્વચા, અને વાળ માટે અત્યંત ગુણકારી છે. તેનો કડવો સ્વાદ લોકોને ખરાબ લાગે છે પણ દવા કરતા લીમડાનો સ્વાદ મીઠો હોય છે. લીમડામાં એક એવી શકિત છે જે શરીરમાં રહેલા રોગોનો નાશ કરે છે. લીમડાનો રસ સરબત છે તેમ માની પીવાથી કલ્પ્યો પણ નહી હોય તેટલો ફાયદો થશે. દવા તો દિવસમાં ૨ કે ૩ વાર પીવાની હોય છે. પણ લીમડાનો રસ તો દિવસમાં ૧ વાર જ પીવાનો હોય છે. તેથી લીમડાનું ઝાડ આપણા ઘરને છાંયો આપે છે પણ શરીરની બિમારી ને પણ છાંયો આપે છે. તો **ચાલો જોઈએ લીમડાના રસ ના ફાયદા...**

(૧) લીમડામાં એન્ટી ઈન્ફલેમેન્ટરી તત્વ હોય છે. લીમડાનો રસ ખીલમાંથી મુકિત અપાવવા માટે બહુ સારો ગણાય છે.

(૨) લીમડાનો રસ પીવાથી શરીરની ખરાબી દુર થઈ જાય છે. જેનાથી પાચન સારુ રહે છે.

(૩) ડાયાબિટીસના દર્દીઓ માટે ખુબ ફાયદાકારક લીમડાનો રસ છે.

(૪) ચિકન પોકસના નિશાન રહી ગયા હોય તો લીમડાના રસના મસાજ કરવાથી નિશાન દુર થઈ જાય છે. આંખમાં લીમડાના ટીપા નાખવાથી રોશની વધે છે.

(૪) લીમડો એક ઔષધિ છે તે ખરાબ કોલેસ્ટ્રોન ને ઓછું કરે છે. લીમડાનું મહિનામાં દસ દિવસ સેવન કરવાથી હાર્ટ અટેકની બીમારી દુર થઈ જાય છે

(૬) શિયાળામાં લીમડો ખાવાથી શરીરમાં રહેલ ખરાબી દુર થઈ જાય છે અને શરીરમાં તંદુરસ્તી જળવાય રહે છે.

**– સંકલન સ્નેહા મારૂ**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે. ***– ટપક ટીમ***

## પ્રતિભાવો

**ટપક વાચવાની મજા આવે છે ટપક માંથી નવુ નવુ જાણવા મળે છે.**

**– કીંજલ મકવાણા**

**ટપક ખુબ સરસ છે. તમને અને તમારી ટીમને અભિનંદન સરસ પ્રગતિ કરતા રહો.**

**– સંદિપ સારીખડા**

***પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કાર્યોનો જનક છે.***

## સન્માન

''સોસાયટી ફોર ધી ટ્રેનીગ એન્ડ વોકેશનલ રીહેબીલીટેશન ઓફ ધી ડીસેબર્લ્ડ'' દિવ્યાંગ ભાઈ બહેનોના પુનર્વસન માટે કાર્યરત છે. ગુજરાત રકતપિત નિવારણ સેવા સંઘ સંચાલિત તાલીમ અને પુનર્વસન કેન્દ્ર સેવાતીર્થમાં ચાલતા રકતપિતના દર્દીઓ માટેના એમસીઆર પગરખાં વિભાગમાં કામ કરતા રકતપિતમુકત શ્રી નરવતભાઈ મંગાભાઈ પટેલ ને તા. ૩ ડિસેમ્બર–૨૦૧૬ (૫૮મા વિશ્વ વિકલાંગ દિન) નિમિતે દિવ્યાંગ જન સશકિતકરણરૂપે ભારત સરકારશ્રીએ શ્રેષ્ઠ કામદાર (બેસ્ટ એમ્પ્લોયી) તરીકેનો નેશનલ એવોર્ડ ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીના શુભ હસ્તે એનાયત થયો.

સેવાતીર્થમાં ચાલતા સરકાર માન્ય આઈટીઆઈમાં તાલીમ લઈ પગભર થયેલ અને હાલ સંસ્થામાં ચાલતા એબીબી કંપનીના ઈલેકટ્રીક રીલે એસેમબ્લીગ તથા ટેસ્ટીગ સેન્ટરમાં કામ કરતાં અને બંને પગે પોલિયોથી ૮૦ % દિવ્યાંગતા ધરાવતા કુ. સુરેખા બામણીયાને એ જ રીતે રૂરલ ડેવલોપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ એસોસીએશન અમદાવાદ દ્વારા શ્રીમતી નંદીની પી. દિવેટીયા રૂરલ રીહેબીલીટેશન એવોર્ડ–૨૦૧૬ પ્રસિધ્ધ ભાગવતાચાર્ય પુ. શ્રી રમેશભાઈ ઓઝાના શુભ હસ્તે એનાયત થયો. બંને દિવ્યાંગ ભાઈ–બહેનોએ સદર એવોર્ડ મેળવી સંસ્થાનુ ગૌરવ વધાર્યુ છે. સંસ્થા તરફથી તેઓને ખુબ–ખુબ અભિનંદન. આ બંને સંસ્થાના પ્રમુખશ્રી પુરૂષોતમ પંચાલને ૧૩ રાજય, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય એવોર્ડથી સન્માયા છે.





**દરેક દુઃખના દસ્તાવેજ પર આપણા પોતાના જ હસ્તાક્ષર હોય છે.**

## ટકાઉ ખેતી

દોસ્તો, ગયા અંકમાં ઘઉં વિશેની વાતો કરી હતી. આ અંકમાં આપણે બિયારણ પસંદગી, કપાસની વીણી, સંગ્રહ અને વેચાણ વ્યવસ્થા વિશે થોડી સમજ ઉભી કરીએ.

આ વખતે સહિયારા પ્રયાસોથી કપાસમાં ગુલાબી ઈયળોના નુકશાનથી બચી ગયા, મોટા ભાગના ખેડૂતોએ જલ્દી પાકતી જાતોનુ વાવેતર કર્યુ હતુ તેનુ પરિણામ છે. હવે આવતા વર્ષે પણ ગુલાબી ઈયળથી બચી શકીશુ.

બીસીઆઈ કન્ટ્રી મેનેજર શ્રી રાજીવ બરુઆએ જુના ઉગલા ગામની મુલાકાત લઈ ખેડૂતો સાથે બિયારણ પસંદગી અને જાતોની જાણકારી લીધી. આ જાતોમાં ઉત્પાદન, રોગ, જીવાત, પાકવાના દિવસો, પાણીની જરૂરિયાત, ખાતર, વગેરેનું મેપીંગ થાય તો આવતા વર્ષ માટે કંઈ જાત વધારે સારી છે તેની જાણકારી મળી શકે.

આ બાબતે ખેડૂતો, એલજી લીડર સાથે મળી સર્વે કરી ગામવાર નકશા બનાવીએ.

કપાસની વીણીની શરૂઆત થઈ ચૂકી છે. કપાસની વીણીની મુખ્ય બાબતો જોઈએ તો કપાસ સાથે કોઈ પણ પ્રકારનું પ્લાસ્ટીક ના ભળે તેની તકેદારી રાખવી જોઈએ જેમ કે પાન, માવા, ગુટકા અથવા ખાતરનાં કોથળાનાં દોરા વગેરે. રોગ જીવાતથી ખરાબ થયેલ કપાસને અલગ રાખવો. વેરાયટી મુજબ કપાસનો સંગ્રહ અલગ અલગ કરવો જોઈએ. વીણી નીચેથી ઉપર તરફ કરવી. કપાસના વેચાણ વખતે પાણીનો છંટકાવ ન કરવો. આવી મુખ્ય બાબતોની કાળજી લેવામાં આવે તો તે ગુણવતાયુકત કપાસની વ્યાખ્યામાં આવે અને સારા ભાવ મળે. આ પ્રોજેકટના સિધ્ધાંતો પ્રોજેકટ સાથે સંકળાયેલા તમામ ખેડૂતોને જણાવેલ છે. આપ સૌ તેનું પાલન કરતા હશો તેમ માનું છુ.

મિત્રો, આ સિઝનમાં ધોકડવા, ટીંબી, ખાંભા તેમજ અમરેલી ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદીના કેન્દ્રો સંસ્થા દ્વારા રચાયેલા ખેડૂત સંગઠનોએ ગુજપ્રોના સહયોગથી શરુ કર્યા. જેથી ખેડૂતોમાં સંગઠનની તાકાતનો અહેસાસ દેખાઈ રહયો છે. તેમજ પોતાના ગામથી નજીકમાં સરળ વેચાણ વ્યવસ્થા ઉભી થવાથી ખેડૂતોમાં પોતાની કંપની છે તેવી ભાવના વિકસી રહી છે. ખેડૂતોની વાતો પરથી જણાય છે કે વેચાણ, ખરીદી અને કેશલેશ વગેરે જેવી સુવિધા અમારી પોતાની કંપનીમાં ઉભી થાય જેથી અવારનવાર પડતી મુશ્કેલીઓથી બચી શકાય. ભવિષ્યનુ જીવન ઉજળુ દેખાઈ છે અને અમારા બાળકોને સુરતના ધકા ખાવા મટે. આવી વાતો પરથી જણાય છે કે ખેડૂતોમાં સંગઠનની ભાવના વિકસી છે. આ ભાવના કામ કરવાનો જોસ અને જુસ્સો વધારે છે. ધન્યવાદ ખેડૂત ભાઈઓ અને બહેનોને....

– ડી.એન.ઝાલા ૯૮૨૫૪૨૨૨૪૪

**અવસર વગર બોલવું વ્યર્થ છે.**

## SMC સંમેલન

તા.૧૮/૧૨/૧૬ ને રવિવારના રોજ અમદાવાદ વિદ્યાપીઠ ખાતે તૃતિય રાજયસ્તરીય સંમેલનનું આયોજન કરાયું હતુ જેમાં રાજયની શાળા વ્યવસ્થાપન સમીતીનાં સભ્યોએ ભાગ લીધો હતો. શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્ર ચુડાસમાની ઉપસ્થિતીમાં શિક્ષણના વિવિધ પાસાઓને ઉજાગર કર્યા હતા. શિક્ષણથી શ્રેષ્ઠ માનવ બનવા સુધીની વાત સમજાવામાં આવી તેમજ પ્રાથમિક શિક્ષણ, શિક્ષણનું મહત્વ, સ્વરછ ભારત, બેટીબચાવો–બેટીભણાવો વગેરે જેવા અનેક મુદ્દાઓની ચર્ચાઓ કરવામાં આવી.

અમેરીકન ઇન્ડીયા ફાઉન્ડેશન અને ટાટા કેમીકલ સોસાયટી ફોર રૂરલ ડેવલોપમેન્ટ ના સહયોગથી ગુજરાત રાજયનાં જિલ્લાઓનાં અંતરીયાળ વિસ્તારોમાં જયાં સ્થળાંતરનું પ્રમાણ ખુબ વધારે છે તેમજ બાળકોના શિક્ષણનું પ્રમાણ ખુબ ઓછુ છે. તેવા ક્ષેત્રમાં સાથી સંસ્થાઓ સાથે મળીને રાઈટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત દરેક બાળકો શિક્ષિત બને તે હેતુથી શિક્ષણના વિવિધ કાર્યો ચાલુ છે. જેમાં અમરેલી જીલ્લામાં બાબરા તાલુકામાં છેલ્લા ચાર વર્ષથી અમુક ગામોમાં શિક્ષણ સંવર્ધન વર્ગો દ્વારા બાળકોને શાળાના સમય પહેલા અને પછી ભણાવવાનું કાર્ય તેમજ ૪૫ ગામોમાં શાળા શાસન વ્યવસ્થા પર એસએસકેકેની ટીમ કાર્યરત છે.

**– ગોરધન વાઘેલા**

## માનવ અધિકાર પખવાડિયાની ઉજવણી

વૈશ્વિક સ્તરે ૨૫ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર સુધી માનવ અધિકાર પખવાડિયુ દર વર્ષે ઉજવવામાં આવે છે.

સંસ્થાના જેન્ડર એજયુકેશન કાર્યક્રમ હેઠળ સ્ત્રી પુરૂષના ભેદભાવ સંબંધે આ પખવાડીયા દરમ્યાન સંસ્થાના સ્ટાફ તથા મુલાકાતે આવતા તમામ લોકો સાથે ચર્ચા કરી તેમાં જરુરી બદલાવ અંગેની વિગતો મેળવી હતી.

આ પખવાડીયાની ઉજવણી માટે ટીમના સભ્યોએ વિવિધ નિષ્ણાંતો પાસેથી માર્ગદર્શન મેળવી પોતાના કાર્યક્ષેત્રમાં ચાલતી પ્રવૃતિઓની સાથે સ્ત્રીના શોષણ, સ્ત્રીના અધિકાર, સ્ત્રીના માન સન્માન, મળતી સહાય જેવી બાબતોને સાંકળી તાલીમો તથા મીટીગો કરી હતી.

મજુર મહિલાઓ સાથે પણ બેઠકો યોજી તેમના કામના અધિકારો, આરોગ્ય તથા બાળમજુરીના મુદાઓ ઉજાગર કર્યા હતા.

તા.૨૭/૧૧/૨૦૧૬ ના રોજ મોટા સમઢિયાળા ગામે મોટી સંખ્યામાં બહેનોએ એકત્ર થઈ ઉપરોકત બાબતે ગોષ્ઠી યોજી હતી. મહિલાઓની વાતો પરથી જાણતા મળ્યુ કે બહેનો મજુરીએ જતા હોય ત્યાં ખુબજ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને પહેલાની પ્રથા જે દહેજ પ્રથા, લાજપ્રથા, બાળ લગ્નપ્રથા, વિશે મહીલાઓને માહિતી આપી.

**– ભાવિકા સોલંકી**

**ખુશીઓ ખુબ સસ્તી છે આપણે તેને મોંઘી દુકાનોમાં શોધીએ છીએ.**

## સમય

સમય હંમેશા ચાલતો જ રહે છે સમય સ્થિર નથી તો માણસે સમયને અનુરૂપ જીવન જીવવુ જોઈએ. આપણને મહા દુર્લભ એવુ મનુષ્ય તન મળ્યુ છે તો આ મનુષ્ય જીવનને સાર્થક કરવા માટે સમયનો સદઉપયોગ કરવો અત્યારે માણસ સમય નકામો વેડફી નાખે છે સમયનો દુરઉપયોગ કરે છે, મોજમજા, નાટક, સિનેમા, નિંદા, ચુગલી, જુગાર વગેરે અનેક કામોમાં સમય ગુમાવે છે આ આવેલી તક સમય ફરી મળે કે નહી તે કંઈ નકકી નથી. આવો અમુલ્ય મનુષ્ય દેહ મળ્યો છે તો આપણો ફેરો સફળ થાય એવો હંમેશા પ્રયત્ન કરવો જોઈએ. સારા માણસોનો સંગ સત્સંગ, સારા સત્યજ્ઞાનનાં પુસ્તકો વાંચવા અથવા તો સાધુ સંતો પાસે સમય પસાર કરવો અને જીવન ધન્ય બનાવવું જોઈએ. માત્ર વાતો કરવાથી કંઈ પણ થવાનું નથી સમય એક ક્ષણ પણ અટકશે નહી. દરેક પળ કિંમતી જાય એવો પ્રયત્ન કરવો જોઈએ સાંસારિક દોડધામ માં જ આપણો સમય પુરો ન થઈ જાય તેની કાળજી રાખવાની છે સંસારમાં અંધાધુંધ, ઘર્ષણ, સુખ દુખ વગેરે પરિબળો આવવાનાં જ છે તેનો સામનો કરવો જોઈએ અને અટકયા વિના ચાલુ હશે તો જરૂર મંજીલ સુધી પહોંચી શકીશુ એમાં બે મત નથી તો મિત્રો જાગ્યા ત્યાંથી સવાર સમજીએ.

**– હંસરાજભાઈ જે. પેથાણી, ત્રંબોડા**

## ભુલ તમારી જ

અપરાધોનો કાફલો કોઈક પર નાખતા,
પહેલા વિચારો કે ભુલ તમારી જ છે.
તમે જ કરી છે અનેક ભુલ,
છતાંય કરવી નથી કબુલ.
આપણે જે કાર્યમાં જેને સાથે લીધા,
તેને જ આપણે ગુનેગાર કીધા.
સાથે રહીને બીજા માટે બનાવો શુલ,
આખરે તો ભોગવવુ પડશે અને કરવુ પડશે
તમારે કબુલ.
મા–બાપે બાળપણમાં આપ્યા હોત સાચા
સંસ્કાર,
તો નહિ બનત જીવનનો ખોટો આકાર.
જયારે આપણે બનીશું નિર્મળ ફુલ,
નહી થાય ત્યારે તમારાથી કોઈ ભુલ.
સમય જતા વાર નહિ લાગે,
સુતેલો આત્મા આખર.

**– ગોરધન વાઘેલા**

### રમુજ એક થેરાપી

NRI : છોકરી જોઈ આવ્યા? બાપુ કેવી હતી ?
BAPU : કાને ઓછું સાભળે છે અને રંગે થોડી શ્યામ છે.
NRI : ઈંગ્લિશમાં કહોને બાપુ
BAPU : બ્લેક બેરી છે

**કટાઈ જવા કરતા ઘસાઈ જાવુ વધારે સારુ છે.**

## પ્રેરક પ્રસંગ

એક સાંજે પિતાજી ઘરે આવ્યાને જમવા બેઠા. માએ થાળીમાં શાક અને રોટલી પીરસ્યા માત્ર બેજ વાનગી હતી તેમા પણ રોટલી બળેલી હતી તે જોઈને મને થયું કે આજે પિતાજી મા પર ગુસ્સો કરશે. પણ પિતાજી કશું બોલ્યા વગર ચુપચાપ આરામથી જમવા લાગ્યા. બળેલી રોટલી માટે માએ માફી માગી ત્યારે પિતાજી બોલ્યા ચિંતા કરીશ નહી મને બળી ગયેલી રોટલી સાચે જ ભાવે છે. મારા પિતાજીનો સ્વભાવ પ્રેમાળ અને પરીસ્થીતી મુજબ જીવન વિતાવવું અને સુતી વખતે મે પિતાજીને પુછયું ત્યારે તેઓ બોલ્યા આજે તારી માએ આખો દિવસ ઘણું કામ કર્યુ હતું અને તે થાકેલી હોવા છતાં આપણી માટે જમવાનુ તૈયાર રાખે છે તે મને ખબર છે. બેટા આમ પણ બળેલી રોટલી કદાચ ન ભાવે પણ બીજુ કશું શરીરમાં નુકશાન ન થાય બેટા. પણ કઠોર શબ્દો મનને કાયમ માટે ઘાયલ કરે છે. ત્યાર પછી મારા માથા પર હાથ ફેરવી પિતાજીએ મને કહયું બેટા જીંદગીમાં ઘણી અપૂર્ણતાઓ છે. લોકોમાં પણ ઘણી અપૂર્ણતાઓ હોય છે હું પોતે પણ સંપૂર્ણ નથી બેટા હું આટલા વર્ષોમાં શીખ્યો છુ એકબીજાની ભુલોને માફ કરી દેવી જોઈએ અને ગુણોને સેલિબ્રેટ કરવા જોઈએ નાની અમસ્તી જીંદગી દુખ અને પસ્તાવામાં શા માટે વેડફવી ?

**સંકલન : મેહુલ વાઘેલા**

## જીવનના સાત પગલા

**જન્મ**

એક અનમોલ સોગાદ છે.

**બચપન**

મમતાનો દરિયો છે, પ્રેમથી ભરિયો છે, જે ડુબી શકયો તે તરિયો છે.

**તરૂણાવસ્થા**

વિચારો, આશાઓ પહાડ છે, મેળવવાની અનહદ આશા છે, લુંટવાની તમન્ના છે.

**યુવાવસ્થા**

બંધ આંખોનુ સાહસ છે, જોશ છે ઝનુન છે, ફના થવાની ઉમ્મીદો છે, કુરબાનીની આશાઓ છે, લુટાઈ જવાની ખ્વાહિશ છે.

**પ્રૌઢાવસ્થા**

ખુદને માટે કંઈ નહિ કરી શકતાં મેળવીને આપવાની પણ ખુશી છે, કુટુંબ માટે કુરબાન થવાની જીજ્ઞાશા હોય છે.

**ઘડપણ**

વિતેલા જીવનનો સરવાળો છે, મારો અને તમારો વહેવાર છે, જેવું વાવ્યું હતું તેવું લણવાનો સમય છે.

**મરણ**

જીન્દગીની કિતાબ ખુલશે, નાડીએ– નાડીએ કર્મ તુટશે, પાપ– પુણ્યનો કર્મ ખુલશે, કર્મ ધર્મનો હિસાબ થશે, સ્વર્ગ–નર્કનો માર્ગ થશે, પોતાનાનો પ્યાર છુટશે. સાત પગલા પુરા થાશે

**– ઈન્ટરનેટ પરથી**

***કુદરતી દુઃખ એ પરીક્ષા છે. ઉભુ કરેલુ દુઃખ એક શિક્ષા છે.***

**Happy birthday**

| | |
|---|---|
| Deepa Chauhan | 02. 01. 1977 |
| Rekhaben Mithapara | 05. 01. 1963 |
| Gordhan Vaghela | 20. 01. 1983 |
| Daya Hadiya | 21. 01. 1993 |
| Aswin Singad | 30. 01. 1993 |

**In this month**

6 Visit at Dhokadva by Mr.Mathur (RBI)

12 Sorath FPO visit by TKF farmers from Mahuva

17 Visit by Bhupendra Jani(CSPC) for WRM at PU-1 and PU-2

18 Third State level SMC convention at Ahmedabad

30 VV training at Babra

**મગફળીની ટેકાના ભાવે ખરીદી**

અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લી., સોરઠ એગીકલ્ચર પ્રોડયુસર કંપની લી., તથા જાફરાબાદ એગીકલ્ચર પ્રોડયુસર કંપની લી., દ્વારા ચાલુ માસમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી શરુ કરી છે જે નીચે મુજબ છે.

| ખરીદી કેન્દ્ર | જથ્થો(કિવન્ટલ) | ભાવ | કુલ કિંમત |
|---|---|---|---|
| અમરેલી | ૩૯૬.૩૪ | ૪૨૨૦ | ૧૬૭૨૫૫૫ |
| ખાંભા | ૯૮૨.૧૭ | ૪૨૨૦ | ૪૧૪૪૭૫૭ |
| ધોકડવા | ૭૦૭ | ૪૨૨૦ | ૨૯૮૩૫૪૦ |
| ટીબી | ૬૩૮.૭૫ | ૪૨૨૦ | ૨૬૯૫૫૨૫ |

આગામી માસમાં કપાસ તથા અન્ય ખેત પેદાશોની ખરીદીનું આયોજન છે.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2015-17
Valid Upto 31/12/2017

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org